**Surat Municipal Corporation**
**e-Magazine**
Issue 34
Jan.6, 2006



## સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત હેરીટેજ મેપ તથા પીકચર પોસ્ટકાર્ડની વિમોચનવિધિ

રાજય સરકારશ્રી તરફથી સને–૨૦૦૬ના વર્ષની " પ્રવાસન વર્ષ " તરીકેની ઉજવણી નિમિત્તે અઠવા પાર્ટી પ્લોટ ખાતે આયોજીત પોંક ફેસ્ટીવલ માં તા. ૦૧–૦૧–૨૦૦૬ના રોજ સાંજેઃ ૦૭.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત હેરીટેજ મેપ તથા પીકચર પોસ્ટકાર્ડની વિમોચનવિધિ મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી ના વરદ્દહસ્તે કરવામાં આવી હતી......

વધુ માટે કલીક કરો >>>>>>

## કતારગામ ઝોનમાં મેયર શ્રી કનુભાઈ માવાણીની અધ્યક્ષતામાં ચુંટાયેલા સભ્યશ્રીઓ અને ઝોનના અધિકારીશ્રીઓ સાથે થયેલ મીટીંગ

તા. ૨–૧–૦૬ સવારે મેયરશ્રી કનુભાઈ માવાણીએ કતારગામ ઝોનમાં ચુંટાયેલા સભ્યશ્રીઓ અને ઝોનના અધિકારીશ્રીઓ સાથે એક મીટીંગનું આયોજન કર્યુ હતું. આ મીટીંગમાં નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓ અને અધિકારીશ્રીઓનો પરિચય રાખવામાં આવ્યો હતો. સભ્યો અને અધિકારીઓ સાથે સંકલન રાખી કાર્ય કરવા જણાવ્યું. તેમજ નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓને કયા કામો કયા ખાતા ધ્વારા કરવામાં આવે છે કે કેવી ફરીયાદો કયાં કરવી વિગેરેની માહિતી આપી હતી. ખાતા તરફથી ઝોન મારફત કરવામાં આવતા કામોની એક યાદી દરેક સભ્યશ્રીઓને આપવામાં આવી હતી. આ મિટિંગમાં ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ. કમિશનરશ્રી પંકજ જોષી, તેમજ અધિકારીશ્રીઓ હાજર રહયા હતા. આ મીટીંગ ખુબ જ સાનુકુળ વાતાવરણમાં મળી હતી......

વધુ માટે કલીક કરો >>>>>>

## રાજય કક્ષાની ૩૮માં યુવા ઉત્સવ સ્પર્ધામાં સુરત શહેરના સ્પર્ધકો ઝળકયા

ગુજરાત રાજય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ યોજીત રાજય કક્ષાની ૩૮માં યુવા ઉત્સવ સ્પર્ધા તા. ૨૯–૧૨–૨૦૦૫ થી તા. ૩૧–૧૨–૨૦૦૫ દરમ્યાન જામનગર ખાતે યોજવામાં આવી હતી. જેમાં પ્રાદેશિક કક્ષાએ પ્રથમ અને ધ્વિતીય ક્રમે વિજેતા નીવડેલ સુરત શહેરના સ્પર્ધકોએ રાજયકક્ષાની ૧૧ સ્પર્ધાઓમાં ભાગ લઈ ૯ સ્પર્ધાઓમાં પ્રથમ અને ધ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. વિજેતાઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર અને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું વિગતવાર પરિણામ નીચે મુજબ છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા પતંગોની રંગોળીમાં વિવિધ દેશોના રાષ્ટ્રધ્વજોના પ્રદર્શનનો પ્રારંભ

ગુજરાત રાજય સરકારશ્રી તરફથી ૨૦૦૬નું વર્ષ પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં પતંગ અને માંજો બનાવવાની રીત તેમજ પતંગોની રંગોળીમાં દુનિયાના વિવિધ દેશોના રાષ્ટ્રધ્વજોના પ્રદર્શનનું આજરોજ તા. ૦૪–૦૧–૨૦૦૬ના રોજ શહેરના મા.મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું......



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગ તથા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ સાથે અધિકારી/કર્મચારીઓએ ટ્રેકીંગ અને ટ્રેનીંગ કાર્યક્રમ



તા. ૧૯–૧૨–૨૦૦૫ થી તા. ૨૩–૧૨–૨૦૦૫ દરમ્યાન સાપુતારા મુકામે પ્રથમવાર સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગ તથા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગે સાથે અંદાજે ૭૦ અધિકારી/કર્મચારીઓએ ટ્રેકીંગ ટીમ સાંનિધ્ય તથા એમ્બ્યુલન્સ ટીમ સહિત ટ્રેનીંગ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. સદર ટ્રેનીંગમાં પર્વતારોહણ,૪ કિ.મી., ૮ કિ.મી. તથા ૧૬ કિ.મી. ફાઈનલ કમાન્ડો દોડ,રીવર ક્રોસીંગ,રેપલીંગ,જંગલ જેવા અજાણ્યા વિસ્તારમાં રાત્રે ટ્રેકીંગબોટીંગ ટ્રેનીંગ ટગ ઓફ વોર કોમ્પીટીશન વિગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત હેરીટેજ મેપ તથા પીકચર પોસ્ટકાર્ડની વિમોચનવિધિ

રાજય સરકારશ્રી તરફથી સને–૨૦૦૬ના વર્ષની " પ્રવાસન વર્ષ " તરીકેની ઉજવણી નિમિત્તે અઠવા પાર્ટી પ્લોટ ખાતે આયોજીત પોંક ફેસ્ટીવલ માં તા. ૦૧–૦૧–૨૦૦૬ના રોજ સાંજેઃ ૦૭.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત હેરીટેજ મેપ તથા પીકચર પોસ્ટકાર્ડની વિમોચનવિધિ મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી ના વરદ્હસ્તે કરવામાં આવી હતી.

આ પ્રસંગે ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી પંકજ જોષી તથા મનપાના અન્ય અધિકારીશ્રીઓ તથા પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. વિમોચનવિધિ બાદ સરગમ અકાદમી તરફથી ડાન્સ રજુ કર્યો હતો.




TOP

## કતારગામ ઝોનમાં મેયર શ્રી કનુભાઈ માવાણીની અધ્યક્ષતામાં ચુંટાયેલા સભ્યશ્રીઓ અને ઝોનના અધિકારીશ્રીઓ સાથે થયેલ મીટીંગ

તા. ૨–૧–૦૬ સવારે મેયરશ્રી કનુભાઈ માવાણીએ કતારગામ ઝોનમાં ચુંટાયેલા સભ્યશ્રીઓ અને ઝોનના અધિકારીશ્રીઓ સાથે એક મીટીંગનું આયોજન કર્યુ હતું. આ મીટીંગમાં નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓ અને અધિકારીશ્રીઓનો પરિચય રાખવામાં આવ્યો હતો. સભ્યો અને અધિકારીઓ સાથે સંકલન રાખી કાર્ય કરવા જણાવ્યું. તેમજ નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓને કયા કામો કયા ખાતા ધ્વારા કરવામાં આવે છે કે કેવી ફરીયાદો કયાં કરવી વિગેરેની માહિતી આપી હતી. ખાતા તરફથી ઝોન મારફત કરવામાં આવતા કામોની એક યાદી દરેક સભ્યશ્રીઓને આપવામાં આવી હતી. આ મિટિંગમાં ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ. કમિશનરશ્રી પંકજ જોષી, તેમજ અધિકારીશ્રીઓ હાજર રહયા હતા. આ મીટીંગ ખુબ જ સાનુકુળ વાતાવરણમાં મળી હતી.

સદર મીટીંગમાં મા. મેયરશ્રીએ સૌ પ્રથમ સૌને આવકાર આપી સભ્યશ્રીઓને પોતાના પ્રશ્નો હોય તો તે રજુ કરવા જણાવ્યું હતું. તદઅનુસાર સભ્યશ્રીઓ તરફથી તેઓના વોર્ડના પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. આ પ્રશ્નો પૈકી મુખ્યત્વે સોસાયટીમાં પાણી પુરતા દબાણથી ન આવવા બાબત, ઝીરો સ્લમનો અમલ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, પાર્ટી પ્લોટ, ઓડીટોરીયમ, સ્વીમીંગપુલ બનાવવા બાબત, ટી. પી. સ્કીમના અમલ બાબત, આંગણવાડીમાં સુવિધાઓ આપવા, લાઈટ પોલોની નિયમિત મરામત કરવા બાબત, નદીના પાળા વિસ્તારના દબાણ હટાવી રીવર ફ્રંટ પ્રોજેકટના અમલ બાબત, જહાંગીરપુરા–ડભોલી બ્રીજ તાકીદે બનાવવા બાબત, ધાર્મિક સ્થળોએ સોડીયમ લાઈટ મુકવા બાબત, પતંગવાળાઓને ફટાકડાના સ્ટોલની જેમ જગ્યા ફાળવવા બાબત, જુના કોટની દિવાલ દુર કરવા બાબત, જરૂર જણાય ત્યાં પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક બનાવવા બાબત, ટ્રાફીકના નિરાકરણ માટે માસ ટ્રાન્સપોર્ટેશનના અમલ બાબત પ્રશ્નો હતા. સદર પ્રશ્નો બાબતે મ્યુ. કમિશનરશ્રીએ હાજર રહેલ અધિકારીઓને જે પ્રશ્નો વોર્ડ ઓફિસ કક્ષાએ અને ઝોન કક્ષાએ જ થઈ શકતા હોય તેને ત્યાં જ પુરા કરવા જોઈએ. તેને માટે મોડું ન થવું જોઈએ એવી સુચના આપી હતી તેમજ ભવિષ્યમાં દબાણ ન થાય તે માટે સતત સુપરવીઝન કરવા જણાવ્યું હતું. તેમજ જયારે ફરી મળીએ ત્યારે આ પ્રશ્નોમાંથી ૮૦ ટકા જેટલા પ્રશ્નોનો નિકાલ થયો હોવો જોઈએ.

TOP

## રાજય કક્ષાની ૩૮માં યુવા ઉત્સવ સ્પર્ધામાં સુરત શહેરના સ્પર્ધકો ઝળકયા

ગુજરાત રાજય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ યોજીત રાજય કક્ષાની ૩૮માં યુવા ઉત્સવ સ્પર્ધા તા. ૨૯–૧૨–૨૦૦૫ થી તા. ૩૧–૧૨–૨૦૦૫ દરમ્યાન જામનગર ખાતે યોજવામાં આવી હતી. જેમાં પ્રાદેશિક કક્ષાએ પ્રથમ અને ધ્વિતીય ક્રમે વિજેતા નીવડેલ સુરત શહેરના સ્પર્ધકોએ રાજયકક્ષાની ૧૧ સ્પર્ધાઓમાં ભાગ લઈ ૯ સ્પર્ધાઓમાં પ્રથમ અને ધ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. વિજેતાઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર અને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું વિગતવાર પરિણામ નીચે મુજબ છે.

| ક્રમ | વિજેતા સ્પર્ધક/સંસ્થાનું નામ | સ્પર્ધાનું નામ | વિજેતા ક્રમ |
|---|---|---|---|
| ૧ | રેશ્માબેન નાગર | કથ્થક નૃત્ય–'બ' વિભાગ | પ્રથમ વિજેતા |
| ૨ | શ્વેતા એમ. દ્રિવેદી | નિબંધ–અ વિભાગ | પ્રથમ વિજેતા |
| ૩ | દૈવી કપિલદેવ શુકલ | એકપાત્રિય અભિનય–'બ' વિભાગ | પ્રથમ વિજેતા |
| ૪ | મલ્હાર ગૃપ | એકાંકી નાટક (હિન્દી) | દ્રિતીય |
| ૫ | મનાલી આર. નાતાલી | શાસ્ત્રીયનૃત્યભરતનાયટમ–અ વિભા | દ્રિતીય |
| ૬ | ભાવેશ પટેલ | ચિત્રકલા–બ વિભાગ | દ્રિતીય |
| ૭ | વિવેક ટેલર | સીતાર–ખુલ્લો વિભાગ | દ્રિતીય |
| ૮ | વશિષ્ઠ શાસ્ત્રી | તબલાં–ખુલ્લો વિભાગ | દ્રિતીય |
| ૯ | સુનિલ રેવર | હાર્મોનિયમ–ખુલ્લો વિભાગ | દ્રિતીય |

તા. ૧૩ ફેબ્રુઆરીથી ૧૭ ફેબ્રુઆરી ૨૦૦૬ દરમ્યાન પટણા મુકામે યોજાનાર રાષ્ટ્રીયકક્ષાના યુવા ઉત્સવમાં કથ્થકનૃત્યના પ્રથ્મ વિજેતા રેશ્મા નાગર અને એકાંકીના કલાકારો ભાગ લેવા જશે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા પતંગોની રંગોળીમાં વિવિધ દેશોના રાષ્ટ્રધ્વજોના પ્રદર્શનનો પ્રારંભ

ગુજરાત રાજય સરકારશ્રી તરફથી ૨૦૦૬નું વર્ષ પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં પતંગ અને માંજો બનાવવાની રીત તેમજ પતંગોની રંગોળીમાં દુનિયાના વિવિધ દેશોના રાષ્ટ્રધ્વજોના પ્રદર્શનનું આજરોજ તા. ૦૪–૦૧–૨૦૦૬ના રોજ શહેરના મા.મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝીયમના આ વર્ષના દ્વિતિય કાર્યક્રમ અંતર્ગત પ્રથમ પ્રદર્શનના આ પ્રસંગે ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મા.કમિશનરશ્રી પંકજ જોષી, ડે. કમિશનરશ્રી (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલા, આસી. કમિશનરશ્રી સી. વાય. ભટ્ટ, મ્યુ. સદસ્યશ્રીઓ, માજી. મ્યુ. સદસ્યશ્રીઓ, વરિષ્ઠ નાગરિકો તથા અન્ય મહાનુભાવો મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહયા હતા. આ પ્રદર્શનમાં સુરતમાં તૈયાર થતાં પતંગ અને માંજો બનાવાવની પ્રક્રિયા, ચાઈનીઝ પતંગો તેમજ દોરા તથા પંતગનો ઈતિહાસ દર્શાવવામાં આવ્યો છે. આ  પ્રદર્શનમાં બે ઈંચની પતંગ થી લઈને ૪ ફુટ સુધીના પતંગો નિહાળવા મળશે. રંગોળી કલાકારશ્રી રણજીતભાઈ ગોટાવાલા ધ્વારા ૫૧ દેશના ધ્વજો વિવિધ પતંગના આકારમાં રંગોળી કરી દોરવામાં આવ્યા છે. તદ ઉપરાંત ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, લોખંડી પુરૂષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, સ્વર કિન્નરી લતા મંગેશકર, તથા ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચન અને અભિનેત્રી રેખાની રંગોળી પતંગ આકારમાં દોરવામાં આવી છે. આ પ્રદર્શન તા.૦૪–૦૧–૨૦૦૬ થી તા. ૨૨–૦૧–૨૦૦૬ સુધી સોમવાર અને જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૦–૩૦ થી સાંજે ૬–૧૦ સુધી ખુલ્લું રહેશે. જાહેર જનતાને પતંગ પ્રદર્શન જોવાનો લાભ લેવા વિનંતી.



TOP

## સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગ તથા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ સાથે અધિકારી/કર્મચારીઓએ ટ્રેકીંગ અને ટ્રેનીંગ કાર્યક્રમ

**તા. ૧૯–૧૨–૨૦૦૫ થી તા. ૨૩–૧૨–૨૦૦૫ દરમ્યાન સાપુતારા મુકામે પ્રથમવાર સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગ તથા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગે સાથે અંદાજે ૭૦ અધિકારી/કર્મચારીઓએ ટ્રેકીંગ ટીમ સાંનિધ્ય તથા એમ્બ્યુલન્સ ટીમ સહિત ટ્રેનીંગ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. સદર ટ્રેનીંગમાં**

- **પર્વતારોહણ.**
- **૪ કિ.મી., ૮ કિ.મી. તથા ૧૬ કિ.મી. ફાઈનલ કમાન્ડો દોડ.**
- **રીવર ક્રોસીંગ**
- **રેપલીંગ**
- **જંગલ જેવા અજાણ્યા વિસ્તારમાં રાત્રે ટ્રેકીંગ**
- **બોટીંગ ટ્રેનીંગ**

**ટગ ઓફ વોર કોમ્પીટીશન વિગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ આત્મવિશ્વાસ કેળવવો, અશકય લાગતી વસ્તુને શકયતામાં ફેરવવાની ક્ષમતા તેમજ ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં મદદરૂપ થઈ શકાય તે બાબતનો સમાવેશ થાય છે.**







TOP